# આપણી જ્ઞાતિની ઉત્પત્તિ

યુગો પહેલાં ક્ષત્રિયોનો જુલમ વધી જતાં મહાષ્મતિ નગરીના ચક્રવર્તી મહારાજા સહસ્ત્રાર્જુને વિના અપરાધે મહર્ષિ જમદગ્નિને મારી નાખતા તેના પુત્ર શ્રી. પરશુરામે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિ કરવાની પ્રતિજ્ઞા લેતા ક્ષત્રિયો જાત છુપાવતાં નાસતાં ફરતાં હતાં.

આ સમયે કેટલાક ક્ષત્રિયો વિંધ્યાચળ પર્વત પર માતા હિંગળાજના મઠમાં તેમના શરણે ગયાં હતાં. ત્યાં પાસેના એક આશ્રમમાં તંતુપાળ ઋષિ તપશ્ચર્યા કરતા હતા.

એવામાં શ્રી. પરશુરામ માર માર કરતા ત્યાં આવ્યા એટલે માતા હિંગળાજે કહ્યું કે “અમારા બાળકો છે ક્ષત્રિયો નથી”, ત્યારે શ્રી. પરશુરામે કહ્યું કે “તેમના હથિયારો અને ધનુષ્યબાણો આપી દો”. માતાજીએ ક્ષત્રિયોને હથિયારો આપી દેવા જણાવ્યુ એટલે બધાંએ પોતાનાં હથિયારો આપી દઈ ક્ષત્રિય ધર્મ છોડી દીધો. બાદમાં શ્રી. પરશુરામ તમામ શસ્ત્રો લઈને ચાલ્યા ગયા. તે પછી માતા હિંગળાજે ક્ષત્રિયોને એક મોટો પાટ આપ્યો અને કહ્યું કે “તમે આ પાટ પર બેસજો, તમારા માટે હું હમણાંજ થાળ મોકલું છું તે જમજો”.

ક્ષત્રીઓએ માતાજીનો આભાર માન્યો. માતાજી મંદિરમાં ગયા, ક્ષત્રિઓ પાટ પર બેઠાં.

શ્રી. પરશુરામને ક્ષત્રિઓ પર શંકા જતા તેઓ વણિકનો વેશ લઈને આવ્યા. ક્ષત્રિઓ પાટ ઉપરથી ઊભા થઈ ગયાં અને શ્રી. પરશુરામને પાટ ઉપર બેસાડયા.

માતા હિંગળાજ મંદિરે પહોંચ્યા અને માતા મહાલક્ષ્મીજીને થાળ આપી પાટ પર બેઠેલાંઓને આપવા જણાવ્યુ, જેથી લક્ષ્મીજી થાળ લઈને ગયા અને પાટ પર બેઠેલા શ્રી. મહર્ષિ પરશુરામને થાળ આપ્યો. શ્રી. પરશુરામ થાળ લઈને ચાલ્યા ગયા.

થોડી વારમાં માતા હિંગળાજ આવ્યા. ક્ષત્રિયો પાસેથી થાળ વણિક લઇ ગયાની હકીકત જાણી. ક્ષત્રિયોએ પૂછયું કે “હથિયાર વગર અમારે શું ધંધો કરવો?”. માતાજી બધી પરિસ્થિતિ જાણી ગયા અને કહ્યું કે “હવે તમે વસ્ત્રો વણવાનું કામ કરો”.

માતાજીએ આટ, કાટ અને બોંતેર લાકડી આપી અને કહ્યું કે "પાસેના આશ્રમમાં તંતુપાળ ઋષિ તપશ્ચર્યા કરે છે, તેઓ તમને સૂતરનો તાંતણો આપશે, તેનાથી તમો વણાટનું કામ કરજો. વિંધ્યાચળ પર્વતના ઓથે રહ્યાં છો તેથી "વાંઝા" તરીકે પ્રખ્યાત પામશો. ચૈત્ર માસની અમાસે મારા મંદિરમાં માનભોગનો થાળ ધરાવી, ઘીનો દીવો અને અગરબત્તીનો ધૂપ કરી, સિંદૂરનું ત્રિશુલ કરી મારી પૂજા કરજો. ચોખા તથા જુવારથી વધાવજો, કંકુના છાંટા છાંટજો, અમાસે કામે બેસશો નહિ. આટલું કરવાથી તમે સુખી થશો". માતાજીનું કહેવું સાંભળી સર્વે ક્ષત્રિઓ માતાજીને ચરણે પડ્યાં અને કહ્યું કે "આપની કૃપાથી અમો જીવંત રહ્યાં છીએ, આપનો ઉપકાર કદી ભુલીશું નહિ”.

ક્ષત્રિઓ તંતુપાળ ઋષિ પાસે આવ્યાં. ઋષિએ કપાસના જીંડવામાં રૂ જુદું પાડી સૂતરનો તાંતણો અને કાપડ બનાવતા શીખવ્યુ. ક્ષત્રિયો રાજી થયાં. પર્ણકુટી બનાવી ત્યાં રહ્યાં. બુદ્ધિ ચલાવી ચૂંદડી વણી પ્રથમ માતાજીને ચડાવતા માતાજીએ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા.

આ પછી બધાં એકત્ર થઈને રહયાં અને તેઓએ જ્ઞાતિ મંડળ સ્થાપ્યું. મોટા પ્રમાણમાં કપાસ વાવી સૂતર બનાવી તેનો અનેક ગામોમાં પ્રચાર કર્યો. કેટલાકે સ્થળાંતર કર્યું અને બીજા દેશોમાં વસવાટ કર્યો. આગળ જતા વાણાટકામમાં સુધારો થવા લાગ્યો અને જ્ઞાતિ સ્થપાણી અને તેની ઉન્નતિ થવા લાગી.

વણાટકામનું ઉદ્ભવ સ્થાન

સમર્થ ઇતિહાસકારોના કથાનુસાર વણાટકામનો ઉદ્ભવ ભારત ભૂમિમાં થયો એવો યુરોપિય વિદ્વાનો પણ કબૂલ કરે છે. દીવમાં હજારો વર્ષ પૂર્વેથી વણાટકામ થતુ આવે છે. બારમીથી અઢારમી સદી સુધીઆપણી જ્ઞાતિમાં મોટા પ્રમાણમાં વણાટકામનો ધંધો ચાલતો, તેનો યુરોપ તથા આફ્રિકામાં પ્રચાર થયો હતો. પોર્ટુગીઝો પણ દીવમાંથી કાપડ લઈને આફ્રિકા જતાં તેનાં દસ્તાવેજો મોજૂદ છે.

દીવમાં સાટીન, રૂમાલો, કોરનુ ધોતિયું, કંગવો, અંગૂછો, ચાદરો વગેરે આપણા ભાઈઓ બનાવતાં અને તે વણિકો ખરીદી આફ્રિકા મોકલતાં. પરંતુ ઈ.સ. ૧૮૯૦માં કારખાનાઓ શરુ થતાં હાથવણાટનું કામ ઓછું થતુ ગયુ. એટલે આપણા ભાઈઓ પર્યટન કરવાં લાગ્યાં. ઈ.સ. ૧૯૫૪ સુધી અહીં ૫ થી ૭ ઘરમાં વાણાટકામ થતુ હતુ, ત્યારે મુક્તિની ચળવળ ઉપડતા સૂતર આવવુ ભંગ થતા વાણાટકામ બંધ થતુ ગયુ જેનો પુનરુદ્ધાર કરવાની હવે આવશ્યકતા છે.

આપણી જ્ઞાતિની હસ્તી

દીવમાં આપણી જ્ઞાતિની હસ્તી હજારો વર્ષો પૂર્વેથી છે. ત્યારબાદ ગુજરાતમાંથી અસંખ્ય જ્ઞાતિબંધુઓ દીવમાં આવી આપણી જ્ઞાતિમાં ભળી ગયાં, જેના પુરાવા બારોટજીના ચોપડે મોજૂદ છે.

વિક્રમ સંવત ૧૨૮૦ માં સિદ્ધપુર પાટણથી ચીખલી અથવા ચેવલ થઈ વાઘેલાવંશી અમરાજી પ્રથમ દીવમાં આવ્યા હતા. ત્યાર પછી તેજ શાખાના જ્ઞાતિ ભાઈઓ વિ.સં ૧૩૫૩ માં દીવમાં આવી ભળી ગયાં.

આ પછી ખેડુ જાદવ વિ. સં ૧૩૨૬ માં, ગંગાજળિયા વિ. સં. ૧૪૦૨ માં, ગિરનારી જાદવ વિ. સં. ૧૪૨૧ માં, જેઠવા બરડાઈ વિ. સં. ૧૪૫૪ માં, ઉનેવાળ વિ. સં. ૧૬૫૧ માં, સોલંકી વિ. સં. ૧૬૭૯ માં દીવમાં આવીને વસ્યાં છે. ગોહિલ, પરમાર, કટારીયા, ખેડુ જાદવ, રાઠોડ, ટીકડીયા રાઠોડ, શામળ, ખરેલ, જેઠવા, ચુડાસમા, ચૌહાણ, મકવાણા, પડીયાર, મકવાણા-વડવાણા વગેરે શાખાનાં આપણા ભાઈઓ જેઓ અત્રે વસે છે તેઓ ગુજરાતમાંથી પણ આવેલ છે.

ગોહિલ ગંગાજળિયા શાખાવાળા ભાઈઓ  વિ. સ. ૧૪૦૨ માં કચ્છ માંડવીથી અહીં આવ્યાં.

ગિરનારી જાદવના પ્રથમ ભાઈ જગદીશ વિ. સં. ૧૪૨૧ માં દીવમાં આવેલ.

જેઠવા બરડાઈ શાખાના ભાઈ માવજી પ્રથમ જુનાગઢથી વિ. સં. ૧૪૫૪ ની સાલમાં અહીં આવ્યા.

સોલંકીના ચાર ભાઈઓ હતાં, તેમાં પ્રથમ ભાઈ જેસિંગ વિ. સં. ૧૬૭૯ માં દીવમાં આવ્યા.

ઉનેવાળ શાખાના ભાઈઓ વિ. સં. ૧૬૫૧ માં આવ્યા. જેઠવા ઘેરવડા શાખાના પૂર્વજ ભાઈ રામજી ઈ. સ. ૧૭૩૫ માં પોષ સુદ ૫ ના સુત્રેજમાંથી પ્રથમ દીવમાં આવેલ, શ્રી. બારોટમાંનાં ચોપડા પાના અંક ૧૨૯ના આધારે.

પ્રાચીનકાળમાં કુટુંબના સઘળા જ્ઞાતિભાઈઓ વણાટકામમાં ગૂંથાયેલાં રહેતાં હતાં. અક્ષરજ્ઞાન માટે શાળાઓની વ્યવસ્થા ન હતી. મોટા ભાગે નિરક્ષરતા હતી બલ્કે અક્ષરજ્ઞાનના અભાવે નિરક્ષરતા પ્રવર્તતી હતી. આજે આપણને જૂના દસ્તાવેજો મળી શકતાં નથી, છતાં અત્યારે ઈ. સ. ૧૮૨૦ પછીનાં ચોપડા મળે છે.

ધોળો વાટો ઉત્સવ, કનકાઈનું મામેરું, કબીર ભગતનો મહોત્સવ કાજળો અને અન્ય તહેવારો પ્રાચીનકાળથી અહીં ઉજવાતો આવે છે.

જન્મ, લગ્ન, મરણની નોંધ સન ૧૮૫૨ ની સાલ પોર્ટુગીઝ શાસન દરમ્યાન કાયદો થતા ફરજીયાત બની છે. આ નોંધો આપણી જ્ઞાતિ દીવમાં તેના ચોપડા ઉપર પણ લેવાય છે. ઈ. સ. ૧૯૧૦ માં પોર્ટુગલ પ્રજાસત્તાક બનતા તેના રાજ્યોમાં ઈ.સ. ૧૯૧૨ માં એ કાયદો ફરજિયાત લાવેલ. આ કાયદાનું પુસ્તક ૧૯૧૩ માં પ્રગટ થયેલ ત્યારથી દરેક નાગરિકોને ફરજિયાત જન્મ, લગ્ન, મરણને નોંધાવવાનો નિયમ થયો અને પોતાની જ્ઞાતિના ચોપડામાં પણ નોંધ રાખવાનો નિયમ થતા આજે આ નિયમ ઘણો ઉપયોગી થઇ પડ્યો છે.